RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 350 * Date: 11.10.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

ગુજરાતમાં કાળમુખો શનિવાર: ડાંગ અને બનાસકાંઠા સહિત ૫ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતો, ૭ લોકોના મોત, ૫ ઈજાગ્રસ્ત!









ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં માર્ગ અકસ્માતોમાં ૭ લોકોના મોત થયા છે, જ્યારે ૫ ઘાયલ થયા છે. ડાંગના આહ્વા-વઘઈ માર્ગ પર કાર નદીમાં ખાબકતાં ૨ યુવકોના મોત થયા. બનાસકાંઠા, જામનગર, સુરેન્દ્રનગર અને દ્વારકામાં પણ અકસ્માતોમાં પના મોત થયા. પંચમહાલના બાહી ગામે તળાવમાંથી એક યુવકનો મૃતદેહ મળતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં છેલ્લા ચોવીસ કલાકમાં માર્ગ અકસ્માતોના અલગ-અલગ બનાવમાં ૭ લોકોના મોત થયા છે, જ્યારે ૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જેમાં ડાંગના આહ્વા-વઘઈ માર્ગ પર પૂરપાટ ઝડપે દોડતી કાર રેલિંગ તોડીને સીધી ખાપરી નદીમાં ખાબકતા બે યુવકોના કરુણ મોત નિપજ્યા છે, તો બીજી તરફ બનાસકાંઠા, જામનગર, સુરેન્દ્રનગર અને દ્વારકા સહિતના પંથકોમાં પણ બેકાબૂ વાહનો અને સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવવાની ઘટનાઓમાં પનો જીવ ગયો છે. જ્યારે પંચમહાલના શહેરાના બાહી ગામે તળાવમાંથી યુવકનો મૃતદેહ મળતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.નકશા જુઓ

ડાંગ જિલ્લાના આહવા-વઘઈ માર્ગ પર શનિવારે(૧૦ ઓક્ટોબર) વહેલી સવારે પૂરપાટ ઝડપે જઈ રહેલી કારના ચાલકે કાબૂ ગુમાવતા રસ્તા પરની રેલિંગ તોડીને સીધી ખાપરી નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ત્રણ લોકો પૈકી બે વ્યક્તિના ઘટનાસ્થળે જ દર્દનાક મોત થયા હતા, જ્યારે એકને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતને પગલે સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચીને ક્રેનની મદદથી કારને નદીમાંથી બહાર કાઢી હતી અને મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ લઈ જવાયા છે.

બનાસકાંઠાના અમીરગઢ તાલુકાના ઘાટા કપાસિયા રોડ પર બાઈક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં બાઈક પર સવાર બે વ્યક્તિના મોત નીપજ્યા છે. બાઈકને જોરદાર ટક્કર મારનાર કારચાલકની પોલીસે અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર શહેરના નૂરી ચોકડી વિસ્તારમાં આવેલી ઈદ્રસપીરની દરગાહ પાસે ૯ ઓક્ટોબરની રાત્રે થાર ગાડીએ કારને ટક્કર મારતાં કાર ભયાનક રીતે ખાનગી બસ સાથે અથડાઈ હતી. આ બનાવમાં કારમાં સવાર અફઝલ રહીમભાઈ ચાવડા નામના યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થતાં તેઓને સારવાર માટે સરકારી જી.જી.હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર મામલે સિટી-એ ડિવિઝન પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ આદરી છે.સુરેન્દ્રનગરના સાયલા–ચોટીલા હાઈવે પર કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં એક યુવકનું મોત નીપજ્યું છે, એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો છે. ઘટના એમ છે કે, ગત ૯ ઓક્ટોબરની મોડીરાત્રે મોર્ડન સ્કૂલ નજીક બાયડ ગામના સુરેનશ સોલંકી તેમના મિત્ર સાથે ચોટીલા તરફ રહ્યા હતા, ત્યારે અકસ્માત સર્જાયો હતો. જેમાં સુરેશ સોલંકીનું મોત નીપજ્યું છે અને એકને યુવક ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે સાયલા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જો કે, વધુ સારવાર માટે યુવકને સુરેન્દ્રનગરે રીફ કરવામાં આવ્યો છે. ઘટનામાં મૃતક યુવકના મૃતદેહને પીએમ અર્થે ખસેડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ચૂંટણી પંચનો છબરડો: મહારાષ્ટ્રમાં ૨.૭ લાખ મતદારોની ઉંમર ૧૦૦ વર્ષથી વધુ નોંધાઈ, સુધારતા મહિનો લાગ્યો!

મહારાષ્ટ્રની ડ્રાફ્ટ મતદાર યાદીમાં ગંભીર ટેકનિકલ ખામી સામે આવી છે. સિસ્ટમની ગરબડને કારણે ૨,૭૦,૩૧૩ મતદારોનું જન્મ વર્ષ ૧૯૦૦ નોંધાતા તેમની ઉંમર ૧૦૧થી ૧૫૦ વર્ષ દેખાઈ હતી. આમાંથી ૮૮% એટલે કે ૨,૩૭,૯૭૪ મતદારો નાસિક જિલ્લાના કલવણ, ચાંદવડ અને દેવલાલીના હતા. આ ભૂલ સુધારવામાં કેન્દ્રીય ચૂંટણી પંચને એક મહિનાથી વધુ સમય લાગ્યો, જેનાથી વહીવટી પારદર્શિતા પર સવાલો ઉભા થયા છે.મહારાષ્ટ્રમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (જીંઈ-૨૦૨૬) હેઠળ તૈયાર કરાયેલી ડ્રાફ્ટ મતદાર યાદીમાં એક ચોંકાવનારી ટેકનિકલ ખામી સામે આવી છે. સિસ્ટમની મોટી ગરબડને કારણે રાજ્યના ૨,૭૦,૩૧૩ મતદારોનું જન્મ વર્ષ સીધું ૧૯૦૦ નોંધાઈ ગયું હતું, જેના કારણે ડ્રાફ્ટ રોલમાં તેમની ઉંમર ૧૦૧થી ૧૫૦ વર્ષની વચ્ચે દેખાવા લાગી હતી. આટલી ગંભીર ભૂલ હોવા છતાં, કેન્દ્રીય ચૂંટણી પંચને આ ટેકનિકલ ખામી સુધારવામાં એક મહિના કરતાં પણ વધુ સમય લાગી ગયો હતો.





ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર આ સમગ્ર છબરડામાં સૌથી મોટો હિસ્સો નાસિક જિલ્લામાં જોવા મળ્યો હતો. અસરગ્રસ્ત ૨,૭૦,૩૧૩ મતદારોમાંથી ૨,૩૭,૯૭૪ એટલે કે પૂરા ૮૮% મતદારો માત્ર નાસિક જિલ્લાના ૩ વિધાનસભા મતવિસ્તારોમાં નોંધાયા હતા. આ વિસ્તારોમાં કલવણ ચાંદવડ અને દેવલાલીનો સમાવેશ થાય છે. જ્યારે બાકીના ૩૨,૩૩૯ મતદારો સમગ્ર રાજ્યના અન્ય વિસ્તારોમાં નોંધાયા હતા. ડ્રાફ્ટ યાદીમાં મોટી સંખ્યામાં મતદારોની ઉંમર સીધી ૧૨૬ વર્ષ દેખાડવામાં આવી હતી.પોતાના જ રાજ્યના મતદારોનો સાચો ડેટા મેળવવા માટે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીને દિલ્હી સ્થિત મુખ્યાલય સમક્ષ સતત પાંચ અઠવાડિયા સુધી પત્રવ્યવહાર કરવો પડ્યો હતો. આ ભૂલ સુધારવા માટે મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારી એસ. ચોક્કલિંગમે ચૂંટણી પંચનાૅ વિભાગ પાસે એક્સેલ ફોર્મેટમાં જૂનો અને નવો ડેટા માંગ્યો હતો. ૨ સપ્ટેમ્બર અને ૮ સપ્ટેમ્બરે પત્રો લખ્યા છતાં ડેટા ન મળતાં તેમણે સિનિયર ડેપ્યુટી ઈલેક્શન કમિશનર મનીષ ગર્ગને તાકીદ કરી હતી કેૅ સેક્શન કોઈપણ વિલંબ વિના ડેટા આપે. આખરે ૫ ઓક્ટોબરે મીડિયા દ્વારા નવી દિલ્હીમાં પ્રવક્તા સમક્ષ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા ત્યારે દિલ્હીથી જવાબ મળ્યો હતો અને ૬ ઓક્ટોબરે સિસ્ટમમાંથી આ ટેકનિકલ ખામી દૂર કરવામાં આવી હતી.



ભારતમાં અઘોષિત ઈમરજન્સી જેવી હાલત, પ્રદર્શનકારીઓને છોડ્યા નહીં તો અનશન કરીશ': સોનમ વાંગચૂકનું સરકારને અલ્ટિમેટમ

ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે દિલ્હીમાં ઝલઁના પ્રદર્શનકારીઓ અભિજીત દીપક, સૌરવ દાસ અને આશુતોષ રાંકાની અટકાયત પર સરકાર સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે ×દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે.× વાંગચુકે તમામ પ્રદર્શનકારીઓને મુક્ત કરવાની માંગ કરી અને ચેતવણી આપી કે જો અટકાયત ચાલુ રહેશે તો તેઓ અનશન કે પદયાત્રા શરૂ કરશે.દિલ્હીના જંતર મંતર પર પ્રદર્શન પહેલાં ઝલઁના અભિજિત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાને અટકાયતમાં લેવાયા બાદ ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે દિલ્હીમાં ભારે ઘેરાબંધી અને સુરક્ષાના નામે વિરોધ કરવા પહોંચેલા લોકોની અટકાયત પર સરકાર સામે સવાલો કર્યા છે.સોનમ વાંગચુકે કહ્યું કે- દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત ઈમરજન્સીની સ્થિતિમાં ચાલી રહ્યું છે. તેમણે આ વાત સોશિયલ મીડિયા પર ત્યારે કહી જ્યારે જંતર-મંતર પર યુવા નેતૃત્વવાળી 'કોકરોચ જનતા પાર્ટી'ના મોટા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે કડક કાર્યવાહી કરી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયોના માધ્યમથી વાંગચુકે દિલ્હી આવી રહેલા વિદ્યાર્થી નેતાઓ, એક્ટિવિસ્ટો અને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓને અગાઉથી જ કસ્ટડીમાં લેવા અને રોકવા પર ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું.





જ્યારે મેં આજના વિરોધ પ્રદર્શનમાં એકતા અને શાંતિની અપીલ કરતો એક સંદેશ પોસ્ટ કર્યો હતો, ત્યારે મેં ક્યારેય વિચાર્યું ન હતું કે દુનિયાનું સૌથી મોટું લોકશાહી અઘોષિત કટોકટીના દોરમાંથી પસાર થઈ રહ્યું હશે.વાંગચુકે કસ્ટડીમાં લેવાયેલા તમામ પ્રદર્શનકારીઓને ત્વરિત મુક્ત કરવાની માંગ કરી. તેમણે ચેતવણી આપી કે જો પ્રશાસનની સખત કાર્યવાહી ચાલુ રહેશે, તો તેમને મજબૂર થઈને નવું અનશન કે પદયાત્રા શરૂ કરવી પડશે. ઝલઁના જંતર-મંતર પ્રદર્શનને પોતાનું પૂર્ણ સમર્થન આપતા, વાંગચુકે સ્પષ્ટ કર્યું કે આ વખતે તેઓ દિલ્હીના વિરોધ પ્રદર્શનમાં વ્યક્તિગત રીતે સામેલ નહીં થાય.

લદ્દાખ પરત ફર્યા બાદ, તેમણે જણાવ્યું કે તેઓ પર્યાવરણ સંરક્ષણના મહત્વપૂર્ણ કાર્યો પર ધ્યાન આપી રહ્યા છે, ખાસ કરીને કૃત્રિમ ગ્લેશિયર બનાવવા અને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (ર્ગ્ંફ્લ)ના જોખમોનો સામનો કરવા પર કવિ ફૈઝ અહેમદ ફૈઝની પ્રખ્યાત પંક્તિઓ સંભળાવી એ, ×રાજકારણ સિવાય પણ દુનિયામાં બીજા ઘણા દુ:ખો છે.× સાથે જ, તેમણે યુવાનો અને ઘેહ ઢ પ્રદર્શનકારીઓને સંપૂર્ણપણે અહિંસા જાળવી રાખવાની અપીલ કરી.

તંત્રી લેખ

સપ્ટેમ્બરમાં ઈ-વે બિલ જનરેટ કરવાની સંખ્યા ૧૪.૧૫ કરોડની વિક્રમી સપાટીએ

મુંબઈમાં આગામી તહેવારોમાં માલસામાનની ઊંચી માંગના સંકેત મળ્યા છે. સપ્ટેમ્બરમાં ઈ-વે બિલ જનરેશન વાર્ષિક ૭.૨૦% વધીને ૧૪.૧૫ કરોડ સાથે વિક્રમી સ્તરે પહોંચ્યું છે. જીજીદ્ર ડેટા મુજબ, ઓગસ્ટ કરતાં સપ્ટેમ્બરમાં ૧.૭૫% વધારો નોંધાયો. આ અગાઉ માર્ચમાં ૧૪.૦૬ કરોડનો રેકોર્ડ હતો. આ ઉછાળો ઘરેલુ વેપારમાં સ્થિતિસ્થાપકતા અને સંગઠિત વેપાર વૃદ્ધિ સૂચવે છે.

સપ્ટેમ્બરમાં ઈ-વે બિલ જનરેટ કરવાની માત્રા વાર્ષિક ધોરણે ૭.૨૦ ટકા વધી ૧૪.૧૫ કરોડ સાથે વિક્રમી સ્તરે રહી હતી. ઓગસ્ટની સરખામણીએ સપ્ટેમ્બરના આંકમાં ૧.૭૫ ટકા વધારો થયો હતો એમ ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેકસ નેટવર્ક (જીએસટીએન)ના ડેટા જણાવે છે.આ અગાઉ માર્ચમાં ૧૪.૦૬ કરોડ સાથે ઈ-વે બિલ જનરેટ થવાનો આંક અત્યારસુધીનો સૌથી વધુ હતોઈ-વે બિલની ઊંચી સંખ્યા ઘરઆંગણે વેપારમાં સ્થિતિસ્થાપકતા તથા જીએસટી હેઠળ અર્થતંત્રમાં સંગઠીત વેપાર વધી રહ્યાનું સૂચવે છે. સપ્ટેમ્બરની ઊંચી સંખ્યા તહેવારો નિમિત્તેની માગ વધુ રહેવાના પણ સંકેત આપે છે, એમ એક ટેકસ કન્સલટન્ટે જણાવ્યું હતું.ગુરુવારે જીએસટી કાઉન્સિલની મળેલીબેઠકમાં જીએસટી સંદર્ભમાં માલસામાનની ઝડતી તથા ચકાસણી માટેના નિયમોને હળવા બનાવવાનો નિર્ણય લેવાયો હતો. આ પગલાંને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ તરફનું મોટું પગલું માનવામાં આવે છે.આ પગલાંને કારણે માલસામાનની હેરફેર સરળ બનશે એટલું જ નહી વિવાદોમાં પણ ઘટાડો થશે

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર ખાતે શ્રી મુકતજીવન સ્વામીબાપાની ૧૧૯ મી પ્રાગટ્ય જયંતિ ઉજવાઈ....



શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર ખાતે શ્રી સ્વામિનારાયણ ગાદીના આધ્યઆચાર્યપ્રવર શ્રી મુકતજીવન સ્વામીબાપાની ૧૧૯ મી પ્રાગટ્ય જયંતિ તેમજ માનવ સેવા અભિયાન અંતર્ગત વિધવા, સગર્ભા, પોષણયુક્ત આહાર તેમજ જરૂરિયાત મંદ ગ્રામ્ય વિસ્તારની બહેનો માટે રૂા. ૧૨ લાખનું દાન કરવામાં આવ્યું હતું.

શ્રી મુકતજીવન સ્વામીબાપાની પ્રાગટ્ય જયંતિએ વૈદિક પૂજન, અર્ચન, પાદપ્રક્ષાલન, આરતી તથા પુષ્પ, શર્કરા, પૂંગી ફળ, શ્રીફળથી પૂજન તથા શાહી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારે શ્રી મુક્તજીવન સ્વામીબાપા સ્કોટિશ પાઈપ બેન્ડે વિશ્વશાંતિ માટેની ધૂન રેલાવી હતી.શ્રી સ્વામિનારાયણ ગાદીના આધ્યઆચાર્યપ્રવર પરમ પૂજય શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ ટેપ દ્વારા આશિર્વાદમાં જણાવ્યું હતું કે, મૂર્તિમાં સમાય તે સંત તેમજ સાચા સંતને તંત ન હોય અને સાચા સંત જ જન્મ મરણના ફેરામાંથી મુકત કરાવી શકે છે.

આ પ્રસંગે પરમ પૂજય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, મનુષ્ય જીવનમાં સંસ્કાર, ધાર્મિકતા, વ્યસનરહિતનું જીવન તથા અંધશ્રધ્ધાથી મુકત થવા તેમજ કાળ, કર્મ, માયા અને ભય રહિતનું જીવન જીવવા અનુરોધ કર્યો હતો.

શ્રી મુકતજીવન સ્વામીબાપા સ્મુતિ મંદિર - વિશ્વશાંતિ કેન્દ્ર, ધોડાસરનો ૩૫ મો વાર્ષિક પાટોત્સવ પણ દેશ વિદેશના હરિભકતોની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો.મહંત સદ્ગુરુ શ્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી





સર્વ પિતૃ અમાસ ભાદરવા વદ શનિવાર તા.૧૦-૧૦-૨૦૨૬ના રોજ નવા વાડજ,અખબાર નગર સર્કલ નજીક આવેલ સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન એન્ડ ડેવલપમેન્ટ સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોના બૌધ્ધિક કૌશલ્ય-આરોગ્ય વર્ધન,સર્વાંગી વિકાસ વધે અને ગાયત્રી માતા તથા સર્વ પિતૃઓના આશીર્વાદ સદાય પ્રાપ્ત થાય તેવી શુભ કામનાથી પ્રેરાઈ સંચાલક શ્રીચંદ્રસિંહ ચૌહાણ-શિક્ષક ગણ-વાલીમિત્રો-ગાયત્રી પરિવાર નારણપુરા-લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હિલના સહયોગ સહકારથી ગાયત્રીયજ્ઞનું તથા ભોજન પ્રસાદનું શ્રી હેમંતભાઈ વસાવડા-શ્રી નીતીનભાઈ પ્રજાપતિના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ઉપલક્ષ્યમાં NCC કેડેટ્સ દ્વારા રાષ્ટ્રીય એકતા દિવસ પરેડની તૈયારીનો પ્રારંભ



ગુજરાત સહિત ૨૨ રાજ્યોના નેશનલ કેડેટ કોર્પના આશરે ૨૦૦ કેડેટ દ્વારા ૬ઝઝ નિદેશાલય, ગુજરાતના છત્ર હેઠળ અમદાવાદ ખાતે ૠજ્ઞ, ઝૈંજ્ઞ, જીજીમ અને અન્ય ઝછઁજ્ઞ ટુકડીઓ સાથે કદમતાલ મિલાવીને કઠિન કવાયત શરૂ કરવામાં આવી છે. ૧૦ દિવસની સંકલિત તાલીમ પછી, અમદાવાદના કેડેટ્સ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ગુજરાતના કેવડિયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે.કેડેટ્સના ઉત્સાહપૂર્ણ જુસ્સા અને સમર્પણ સાથે, SNICનું સમાપન એક સાંસ્કૃતિક મિશ્રણ રહેશે જેમાં વિવિધ રાજ્યોના કેડેટ્સ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા, પરંપરાઓ અને વારસાનો અનુભવ કરશે, સાથે સાથે મિત્રતા, પારસ્પરિક સમજણ અને રાષ્ટ્રીય એકતાની મજબૂત ભાવનાને પ્રોત્સાહન આપશે.

જેમની દૂરંદેશી અને અડગ નિશ્ચયે દેશના રાજકીય એકીકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી એવા ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ઉપલક્ષ્યમાં કેવડિયા ખાતે પ્રતિષ્ઠિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની પૃષ્ઠભૂમિમાં રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવામાં આવશે.SNIC અને રાષ્ટ્રીય એકતા દિવસ દ્વારા, ૬ઝઝ ×રાષ્ટ્ર પ્રથમ×ની એક ભાવના દ્વારા યુવાનોના ઉછેરની તેમની પ્રતિબદ્ધતાની ફરી પુષ્ટિ કરે છે.

ઈલોન મસ્કનું સ્ટારલિંક ઇન્ટરનેટ કેવી રીતે કરે છે કામ, કયા કારણોસર ભારતમાં એન્ટ્રી નથી મળી?



ઈલોન મસ્કની 'સ્ટારલિંક' સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા ભારતમાં અંતરિયાળ વિસ્તારોમાં હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પહોંચાડવા ચર્ચામાં છે. જોકે, ભારતમાં સુરક્ષા અને સ્પેકટ્રમ ફાળવણીના નિયમોને કારણે તેને હજુ વ્યાપારી મંજૂરી મળી નથી. આ વિલંબ અંગે મસ્કે ભારતીય ઈન્ટરનેટ પ્રોવાઈડર કંપનીઓ પર રોક લગાવવાનો આરોપ મૂક્યો, જેનો સરકારે ઇનકાર કર્યો છે.

: આજના ડિજિટલ યુગમાં ઓનલાઈન ભણતર, ડિજિટલ પેમેન્ટ, વીડિયો કોલિંગ અને વર્ક ફ્રોમ હોમ કરવા માટે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ અત્યંત મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયું છે. જોકે, ભારતના કેટલાક અંતરિયાળ વિસ્તારોમાં હજુ પણ નેટવર્કની મોટી સમસ્યા છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે ઈલોન મસ્કની સ્પેસએક્સ કંપનીની 'સ્ટારલિંક' સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા ચર્ચામાં છે. આ સેવા જમીનમાં કેબલ નાખ્યા વગર કે મોબાઈલ ટાવર વિના સીધું ઈન્ટરનેટ આપવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ, ભારતમાં હજુ સુધી આ સેવા વ્યાપારી ધોરણે શરૂ થઈ શકી નથી. ચાલો સમજીએ કે સ્ટારલિંક કેવી રીતે કામ કરે છે, તેને ભારતમાં મંજૂરી કેમ નથી મળી અને તેના વિશે શું વિવાદ ચાલી રહ્યો છે.

સામાન્ય રીતે આપણે ઈન્ટરનેટ માટે ઓપ્ટિકલ ફાઈબર કેબલ કે મોબાઈલ ટાવર પર આધાર રાખીએ છીએ. પરંતુ સ્ટારલિંક પૃથ્વીની નજીકની સેટેલાઈટ ઈન્ટરનેટ આપવા માટે સ્પેક્ટ્રમની અલગથી ફાળવણી જરૂરી છે. કંપનીને લાઈસન્સ મળવાથી આપમેળે સ્પેક્ટ્રમનો ઉપયોગ કરવાનો અધિકાર મળી જતો નથી. આ પ્રક્રિયા હજુ પૂરી થઈ નથી.આ બધી પ્રક્રિયાઓમાં થઈ રહેલા વિલંબને કારણે ઓક્ટોબર ૨૦૨૬માં ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પર એવો આરોપ લગાવ્યો હતો કે, કેટલાક મોટા વ્યાપારી હિતો (ભારતીય ઈન્ટરનેટ પ્રોવાઈડર કંપનીઓ) સ્ટારલિંકની ભારતમાં એન્ટ્રીને રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે.

શરૂ કરવા માત્ર લાઈસન્સ મેળવવું પૂરતું નથી. ભારતે હજુ સુધી વ્યાવસાયિક મંજૂરી નથી આપી તેની પાછળ સુરક્ષા સંબંધિત કારણો અને અમુક નિયમો રહેલા છે.સુરક્ષા અને દેખરેખ: ભારત સરકાર ઇચ્છે છે કે દેશમાં ડેટા સુરક્ષિત રહે. આ માટે કંપનીએ ભારતમાં જ ગેટવે અને નેટવર્ક સિસ્ટમ ઊભી કરવી પડે. ભારતનો ટ્રાફિક મોનિટર થઈ શકે અને દેશની સુરક્ષા એજન્સીઓ જરૂર પડ્યે કાનૂની રીતે માહિતી મેળવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી ફરજિયાત છે.સ્પેક્ટ્રમ ફાળવણી: ભ્રમણકક્ષામાં (લો અર્થ ઓર્બિટમાં) રહેલા ઉપગ્રહો (સેટેલાઈટ)ના નેટવર્ક દ્વારા સીધું ઈન્ટરનેટ પૂરું પાડે છે. આ માટે ગ્રાહકે પોતાના ઘરે એક નાનું, ખાસ પ્રકારનું ડીશ એન્ટેના અને વાઈ-ફાઈ રાઉટર લગાવવું પડે છે. આ ડીશ આકાશમાં ફરતા સ્ટારલિંક ઉપગ્રહો સાથે સીધો સંપર્ક કરીને સિગ્નલ મેળવે છે અને મોકલે છે. ઉપગ્રહમાંથી મળતા આ સિગ્નલ ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મારફતે સીધા વપરાશકર્તા સુધી ઈન્ટરનેટ કનેક્શન પહોંચાડે છે.જાન્યુઆરી ૨૦૨૬માં ભારત સરકારે સંસદમાં જણાવ્યું હતું કે સ્ટારલિંકને સેટેલાઈટ સંચાર સેવાઓ માટે લાઈસન્સ આપવામાં આવ્યું છે. પરંતુ વ્યાપારી ધોરણે ગ્રાહકો માટે સેવા

વિરોધ કરવો કે દાદીની અંતિમ વિધિમાં જવું, નિર્ણય એમનો': દીપકેની અટકાયત વચ્ચે પોલીસનું મોટું નિવેદન

દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પ્રદર્શન પહેલાં, કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેની અટકાયત કરાઈ હતી. દિલ્હી પોલીસે તેમને દાદીના નિધનની જાણ કરી, જે ૮૫ વર્ષના સાવિત્રીબાઈ શંકરરાવ દીપકે હતા. તેઓ મહારાષ્ટ્રના હિંગોળીમાં શનિવારે સવારે ૧૧.૩૦ વાગ્યે અવસાન પામ્યા. પોલીસે તેમને અંતિમ સંસ્કાર માટે જવાની પરવાનગી આપી, જે રવિવારે સવારે ૧૦ વાગ્યે થશે. દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે યોજાનારા વિરોધ પ્રદર્શન પહેલાં અટકાયતમાં લેવાયેલા કોકરોચ જનતા પાર્ટી(ઝત્નઁ)ના સ્થાપક અભિજિત દીપકેને દિલ્હી પોલીસે તેમના દાદીના નિધનની જાણ કરી છે. ખાનગી ન્યૂઝ એજન્સીએ સૂત્રો દ્વારા કરેલા દાવા મુજબ દિલ્હી પોલીસે દીપકેને દાદીની અંતિમ વિધિમાં જવા દેવા માટે તૈયારી બતાવી છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે હવે એ અભિજિત પર નિર્ભર કરે છે કે તેઓ અટકાયતમાં રહીને પ્રદર્શન ચાલુ રાખવા માંગે છે કે પછી અંતિમ સંસ્કાર માટે પરત ઉડાન ભરવા માંગે છે.સમાચાર વાંચોસ્થાપક અભિજિત દીપકેના દાદીનું અવસાન થયું છે. આમ છતાં, દિલ્હી પોલીસે હજુ સુધી તેઓ ક્યાં છે તે અંગેની કોઈ માહિતી આપી નથી. પરિવારને અત્યાર સુધી એ પણ ખબર નથી કે અભિજિત ક્યાં છે. દિલ્હી પોલીસે તાત્કાલિક તેમના પરિવારને માહિતી આપવી જોઈએ.

દીપકેના પિતરાઈ ભાઈએ જણાવ્યું કે, દિલ્હીમાં અટકાયત થવાને કારણે પરિવાર તેમનો સંપર્ક કરી શક્યો ન હતો. તેમના માતા-પિતાને જાણ કરવામાં આવી છે અને તેઓ ગામ જવા રવાના થઈ ગયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અભિજિત ૧૫ ઑગસ્ટે હિંગોળી જિલ્લામાં 'સ્કૂલ ઠીક કરો' અભિયાન શરૂ કરતી વખતે દાદીને મળ્યા હતા અને ત્યારબાદ એકવાર મળ્યા હતા. તેઓ છેલ્લા ૨૦-૨૫ દિવસથી દાદીને મળી શક્યા ન હતા.

ગુજરાતમાં પૂર્વ અગ્નિવીરો માટે મોટા સમાચાર: પોલીસ ભરતીમાં સીધી એન્ટ્રી મળશે, લેખિત પરીક્ષા વગર ૨૦% અનામતની જોગવાઈ

ગુજરાત સરકારે પૂર્વ અગ્નિવીરોને પોલીસ ભરતીમાં મોટી રાહત આપી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં જાહેરાત કરી કે, હવે અગ્નિવીરોને પોલીસ વિભાગની હથિયારીઁજીં, કોન્સ્ટેબલ, જીઈંજ્ઞ કોન્સ્ટેબલ, જેલર અને જેલ સિપાહી જેવી ગણવેશધારી જગ્યાઓ પર સીધી ભરતીમાં લેખિત પરીક્ષા અને શારીરિક કસોટીમાંથી મુક્તિ મળશે. તેમને ૨૦% અનામત અને વયમર્યાદામાં પણ છૂટ મળશે.

ગુજરાતમાં પૂર્વ અગ્નિવીરોને પોલીસ વિભાગમાં ભરતી માટે રાજ્ય સરકારે વધુ એક મોટી રાહત આપી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં આ અંગે મોટી જાહેરાત કરતા જણાવ્યું હતું કે હવે ભૂતપૂર્વ અગ્નિવીરોને પોલીસ વિભાગની નિર્ધારિત ગણવેશધારી જગ્યાઓ પર સીધી ભરતીની પ્રક્રિયામાં લેખિત પરીક્ષા અને શારીરિક કસોટીમાંથી મુક્તિ મળશે. ગૃહ વિભાગ દ્વારા ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા સુધારા નિયમો મુજબ, આ જોગવાઈથી અગ્નિવીરો માટે પોલીસ વિભાગમાં નોકરી મેળવવાનો માર્ગ વધુ સરળ બનશે



ન્યૂઝ ઓફ ગાંધીનગર.
ન્યૂઝ ઓફ ગાંધીનગર
દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ



NOG SS NO. 215
વિષય :- "ખાલી ખુરશી અને ભરેલી યાદો"
શીર્ષક :- "છે ખાલી ખુરશી"
પ્રકાર :- પદ્ય (અછાંદસ)
શબ્દ :- ૭૦.

ભરેલી યાદ છે, ને છે ખાલી ખુરશી,
ઘણા સંવાદ છે, ને છે ખાલી ખુરશી.

સંસ્કારો રેડ્યા આ ખુરશી પર બેસી,
ભૂલ થયે શીખવ્યું ગાલ સૌના ખેંચી,

નેણે વરસાદ છે ને છે ખાલી ખુરશી,
ભરેલી યાદ છે, ને છે ખાલી ખુરશી.

ખુરશીની બેઠકે, દાદા દાદીને જોયાં,
તેણે સૌમાં સભ્યતાનાં બીજ બોયાં,

,
રહી ફરિયાદ છે ને છે ખાલી ખુરશી,
ભરેલી યાદ છે, ને છે ખાલી ખુરશી.

શ્યામ ગોયાણી 'શ્યામ' શિવેન્દ્રનગર (હાલ સૂરત)

NOGSS NO. 209
વિષય — ખાલી ખુરશી ભરેલી યાદો
પ્રકાર — પદ્ય
શીર્ષક — કાયમી કાંઈ નથી.
શબ્દો — ૧૨૦

ખાલી ખુરશી પર,યાદો મૂકીને કોઈ ગયું;
હંમેશા હતા સાથે,આજ યાદો મૂકી ગયું.
સૂની જગ્યા પડી,ખાલીપો સતાવી ગયું;
સ્મરણો જ છે જિંદગી,મન મનાવી લીધું.
જવાનું છે બધાને મન હવે મનાવી લીધું;
કમ કુદરતી છે સ્વીકારી,જીવતાં શીખી લીધું.
સમય સાથે ભાડાની જગ્યા ખાલી થતી;
રાતવાસો કરી જવું પડે,વાત છે નક્કી.
ખુરશી આજ કોઈની કાલ થશે બીજાની;
સદાકાળ માટે કાંઈ અંહી ટકતું જ નથી.
ખીલતું એ કરમાતું ક્રમ છે એ નકકી;
'સ્વધા'ખુરશી સદાકાળ કોઈની ટકતી નથી.

સુધા જે. પુરોહિત સ્વધા
હોનોલુલૂ અમેરિકા.
★★★★★★★
NOG SsN 0089
વિષય ખાલી ખુરશી ભરેલી યાદો
શીર્ષક ખુશામત ખોર ખુરશી
ગદ્ય. શબ્દો ૩૪૦

અરે વાહ, આવીને મારી યાદ ? ડંફાસ મારતા હતા . કેવા ડાહ્યા ડમરા થઈ ગયા.

ભૂતપૂર્વપ્રધાન આજે ખાલી ખુરશી જોઈ રહ્યા હતા. ચૂંટણી હારી ગયા ! ખુરશી ગઈ . હવે શું ?ખુરશી પર બિરાજમાન હતા, ત્યારે તેનો પરચો ન હતો. બધું મનમાન્યું કરવું ! કોઈને મહત્વ ન આપવું ! બસ મનભાવન ડીંડવાણું હાંકે રાખવું ! સલાહકારની સલાહ પર આંખ આડા કાન કરવા. નતિજો ભોગવવાનો સમય આવી ગયો ! ખુરશી અટ્ટહાસ્ય કરી રહી. તને મારી કદર ન હતી. તારા માટે સરસ પોચી ગાદી હતી.

એકવાર પણ મારા વખાણ કર્યા ન હતા. યાદ રાખજો આ જગતમાં ,'મારી બોલ બાલા છે'. તું એમ સમજતો હતો, 'તને માન મળે છે'? ખોટી ખાંડ ન ખા'. જે પણ વ્યક્તિ બિરાજે તે આદર, સત્કાર અને માન પામે''.

પ્રધાન સાહેબ વિલા મોઢે ખુરશીની ગાથા સાંભળી રહ્યા. હવે ચૂંટણીમાં હારી ગયા હતા. ઘરમાં ખૂણામાં મૂકેલી ખુરશી ધૂળ ખાતી હતી. નોકર પાસે સાફ કરાવી તેનાથી કામ ચલાવવાનું ડહાપણ વાપર્યું. આજે એ ખુરશીની આંખમાં હર્ષના આંસુ ઉભરાયા. પ્રેમ વરસાવી રહી, પ્રધાન સાહેબ ભૂલ સમજી ગયા. ઉત્સાહ પૂર્વક નવેસરથી કામ ચાલુ કર્યું. જોઈએ આવતી ચૂંટણીમાં કેવું પ્રદર્શન કરે છે.

આ થઈ એક ખુરશી. શયન ગૃહમાં ફોનની બાજુમાં રહેલી ખુરશી બોલાવી રહી. ફોનની ઘંટડી વાગે એટલે પિતાજી જવાબ આપે. મહિનો થવા આવ્યો, ઘરમાં કોઈને ખુરશીના દિલની વાત સાંભળવા માટે સમય ન હતો. 'અરે બેટા પિતાજી ગયા, પણ તું આવ અને 'બેસ' મને સાંત્વના મળશે . યાદ છે પિતાના ખોળામાં બેસી,' દરરોજ વાર્તા સાંભળતો હતો'. રાતના મમ્મી દૂધ આપે ત્યારે નખરા કરતો. પિતાના ખોળામાં બેસી આનાકાની વગર દૂધ પીતો.'
હવે મારા પર આરામથી બેસી, દિવસભરનો થાક ઉતારવા આનાથી સુંદર જગ્યા તને ઘરેનહીં દેખાય. તારો દીકરો ઘોડિયામાં સૂતો છે ને, ખોળામાં બેસાડી વ્હાલ કર. હવે પિતાની જગ્યાએ તું બેસે.

ખુરશી ક્યાં છે તે અગત્યનું છે. દરેક ખુરશી તેનું ગૌરવ દર્શાવે છે. ઘરમાં જમવા બેઠા હોઈએતે ખુરશી મોટે ભાગે દરેક વ્યક્તિની નક્કી હોય છે. શાળામાં શિક્ષક બેસે એ ખુરશી પર વિદ્યાર્થી બેસવાની હિંમત ન કરે. કંપની બહાર ઊભો ચપરાસી ઘણીવાર બેઈજ્જત થતો હોય છે. જે શેઠ કરુણાથી છલકાતાં હોય તો ઈજ્જત આપે છે. ચોકીદાર તેનું ગૌરવ અનુભવે છે. જ્યારે મારા ઘરે જ્યારે લાંબા થાય તેવી ખુરશી લાવ્યા તયારે સહુ તેના પર બેસવા રકઝક કરે.

પ્રવિણા અવિનાશ
★★★★★
NOG SS NO : 169
વિષય : ખાલી ખુરશી અને ભરેલી યાદો
શીર્ષક : અમે સ્વીકાર્યું છે
પ્રકાર : પદ્ય
શબ્દો : ૯૦

ખાલી ખુરશી અને ભરેલી યાદો છે ઘણી,
મળજો માવતર તમે ભવોભવ સાથે મળી.

કહેતાં તમે સદા સ્વર્ગ ને નર્ક અહીં જ છે,
કાગવાસ ખાતા કયાં કોઈએ જોઈએ છે?

જીવતેજીવ જીવ ના બાળો એજ મજા છે,
કાગડો બનાવી ધાબે બોલાવો એતો સજા છે.

વ્યવહાર આપનો જોઈ અમે'ય શીખ્યાં છે,
હયાત છે, ત્યારે અમે'ય કયાં દુભવ્યાં છે?

સંધ્યાવેળા એ જિંદગીએ ઘણું શીખવ્યું છે,
આખરી પડાવે મૌન રહેવું અમે સ્વીકાર્યું છે.
લતાબેન ચૌહાણ 'સોનાવેલ' (ગોધરા)

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ,સુરત દ્વારા
વિજયાદશમી ઉત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન , સમાજના ૧૫૦૦ થી વધુ પરિવાર સાથે લોકો જોડાશે



?શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરત દ્વારા આ વર્ષે ભવ્ય વિજયાદશમી મહોત્સવનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ છેલ્લા ચાર વર્ષથી ભવ્ય આયોજન સાથે ઉજવવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ વિજયા દશમી મહોત્સવ ૨૦૨૬ના ભવ્ય આયોજન માટે વિશેષ મિટિંગ યોજાઈ હતી.જેમાં સુરતના તમામ જુદી જુદી બ્રહ્મા સમાજની ૪૬ જેટલા પેટા જ્ઞાતિઓના આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમને કઈ રીતે સફળ બનાવી શકાય તે માટેનું આયોજન કર્યું હતું. જેમાં આ વખતે સમગ્ર સુરત શહેરમાંથી ૧૫૦૦ થી વધુ બ્રહ્મ સમાજના લોકો વિજયાદશમી મહોત્સવ ૨૦૨૬ કાર્યક્રમમાં જોડાય તે તે પ્રકારનું આયોજન કરાયું હતું.
?
?સુરતમાં છેલ્લા ચાર વર્ષથી શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ દ્વારા સુરતમાં વસતા તમામ જુદા જુદા પેટા બ્રાહ્મણ જ્ઞાતિઓના લોકો એક મંચ પર ભેગા થઈ શકે તે માટે વિજયા દશમી મહોત્સવ દશેરા પર્વને દિવસે ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ વિજયાદશમી મહોત્સવ ૨૦૨૬ ને ભવ્યથી ભવ્ય રીતે ઉજવવામાં આવે તે પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે માટે સુરતમાં વસતા તમામ જુદી જુદી બ્રહ્મ સમાજ પેટા જ્ઞાતિઓના આગેવાનો સાથે વિશેષ મીટીંગ કરવામાં આવી હતી. જેમાં આવનાર ૨૦ ઓક્ટોબરને મંગળવારના રોજ દશેરા પર્વ પર વિજયા દશમી મહોત્સવ ૨૦૨૬ની ભવ્ય ઉજવણી કરવાનો નક્કી કરવામાં આવ્યું હતું..
?
?વિજયાદશની મહોત્સવ ૨૦૨૬ ના કાર્યક્રમ ને લઈ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના ઉપ-પ્રમુખ બીપીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરત એકમ દ્વારા ચાર વર્ષથી ભવ્ય આયોજન કરાઈ રહ્યું છે. આ વર્ષે પાંચમાં વર્ષની ઉજવણીનું ગત વર્ષ કરતાં પણ વધુ ભવ્ય રીતે કરવાનું આયોજન કરાયું છે. જે માટે શહેરમાં વસતા જુદા જુદા બ્રહ્મ સમાજની ૪૬ જેટલી પેટા જ્ઞાતિના આગેવાનો સાથે ખાસ મીટીગ કરવામાં આવી હતી. આ મિટિંગમાં આવનાર ૨૦ ઓક્ટોબરને મંગળવારે દશેરાના શુભ દિવસે વિજયાદશમી ઉત્સવની ભવ્ય ઉજવણીની નાનામાં નાની માહિતી સાથેનું ખાસ પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ શમીના છોડનું પુજન, શસ્ત્ર પૂજન, શાસ્ત્ર પૂજન અને ભવ્ય ગરબા સાથે ધામધૂમથી ઉજવણી કરવાનું આયોજન કરવાનું નક્કી કર્યુ હતું.
?વધુમાં જણાવ્યું હતું કે આ કાર્યક્રમ સુરતના જહાંગીરપુરા ખાતે આવેલ એસએમસી કોમ્યુનિટી પાર્ટી પ્લોટ ખાતે સાંજે ૫ કલાકથી ૧૧ વાગ્યા સુધી ઉજવણી કરવાનું આયોજન કરાયું છે.આ કાર્યક્રમમાં સુરતમાં વસતા ૧,૫૦૦ થી વધુ બ્રહ્મસમાજના લોકો પરિવાર સાથે જોડાશે તે પ્રકારની કામગીરી અગાઉથી નક્કી કરાઈ છે.ગત વર્ષે ૧૦૦૦ થી ૧૨૦૦ લોકો જોડાયા હતા.વિજયાદશમી ઉત્સવમાં સુરતમાં વસતા કોઈપણ બ્રહ્મસમાજના લોકો પરિવાર સાથે આ કાર્યક્રમનો લાભ મેળવી શકે છે. ત્યારે આ વર્ષે યોજાનાર વિજયાદશમી મહોત્સવ કાર્યક્રમમાં સુરતના સામાજિક આગેવાનો, શૈક્ષણિક ક્ષેત્રના આગેવાનો, સરકારી અમલદારો અને રાજકીય આગેવાનો પણ જોડાશે.

સાણંદ તાલુકાની ચેખલા શાળામાં હસતાં રમતાં જાણીએનો અનોખો પ્રયોગ



બી.આર.સી.કોર્ડિનેટર, કોમલબેનના માર્ગદર્શન અને ચેખલા પ્રાથમિક શાળાના આચાર્યા, હર્ષિદાબેન તડવીના પ્રયાસથી આજ રોજ રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા, જાગૃતિબેન અટારાના આયોજનથી સવારની પ્રાર્થના સભામાં હસતાં રમતાં જાણીએ કાર્યક્રમ કરવામાં આવેલ. જેમાં તલગાજરડાના ચિત્રકૂટ અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક, જીતેન્દ્ર વાજા દ્વારા "ભાર વિનાનું ભણતર" અંતર્ગત, હસતાં રમતાં જાણીએનો જાદુઈ પ્રયોગો અને કઠપૂતળીના માધ્યમથી, પોતે બનાવેલ શૈક્ષણિક સહઅભ્યાસિક સાહિત્ય દ્વારા, હસતાં રમતાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ દ્વારા, વિવિધ પ્રાણીઓ, પક્ષીઓનો પરીચય કરાવેલ તેમજ વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધા જાગૃતિ, નાણાંનું મૂલ્ય, વિવિધ સાપની માહિતી સાથે, બાળકો સામે કઠપૂતળી અને અભિનય કલાથી રસપૂર્વક રજૂઆત કરી. શારીરિક અને માનસિક પ્રવૃતિઓ દ્વારા બાળકોમાં નવી ઉર્જા શક્તિનો સંચય કર્યો. તમામ બાળકો ખૂબ પ્રફુલિત થઈ આ આખા કાર્યક્રમમાં ઉત્સાહથી સામેલ થયા. આનંદદાયક હાસ્ય, જનરલ નોલેજ તેમજ વિવિધ શૈક્ષણિક સાહિત્ય દ્વારા, કન્યા કેળવણી અને સશક્તિ કારણના કાર્યક્રમો સાથે બાળકોના સર્વાંગી વિકાસ અર્થે તેઓએ પોતાની આગવી કલા અને સૂઝબૂઝથી રજૂ કરી, બાળકોને ખૂબ જ સરળ આનંદદાયક અને રસપ્રદ રીતે શિક્ષણ આપ્યું. તેમની આગવી શિક્ષણ પદ્ધતિ અને પ્રસ્તુતિથી બાળકોને ખૂબ જાણવા અને માણવા મળ્યું. ઉત્સાહ, જિજ્ઞાસા અને શીખવાની ભાવના વધુ પ્રબળ બની. શિક્ષણને માત્ર પુસ્તક પૂરતું મર્યાદિત ન રાખી, રમત, મનોરંજન અને પ્રવૃત્તિ દ્વારા બાળકોને શીખવવાનો તેમનો અનોખો પ્રયાસ, ખરેખર પ્રશંસનીય અને પ્રેરણાદાયી રહ્યો. બાળકોના ચહેરા પરનો આનંદ અને તેમની સક્રિય ભાગીદારીથી, આ કાર્યક્રમ દ્વારા બાળકોને આનંદ સાથે શિક્ષણ આપ્યું અને શાળાના શિક્ષકોને પણ નવીન શિક્ષણ પદ્ધતિઓ માટે પ્રેરણા આપી. આ કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકોએ ખૂબ સુંદર વ્યવસ્થા કરીને સહકાર આપેલ તેમજ રાષ્ટ્રપતિ એવોર્ડ શિક્ષકનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના ૩૦૦ જેટલા બાળકોને શૈક્ષણિક પ્રવૃતિઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું.

કેસ નંબર શ્રી ૪૨૦ - એક ડાયરીની કિંમતઃ સત્ય ફાંસી એ ચઢે, અસત્ય રાજ ગાદી એ! (સંત સુરા)

શહેરના એક ખૂણામાં, જ્યાં દિવસના અજવાળામાં પણ કોઈ જોવા નથી માંગતું, ત્યાં એક સ્ત્રી રહે. સમાજ તેને વૈશ્યા કહે છે. તેનું સદરહુ નામ શું કામ પૂછવું?! તેની કોઈ ઓળખ નથી. તે ગરીબ છે, મજબૂર છે!

એક દિવસ સવારે તેના ઘરનો દરવાજો જોરથી ખખડ્યો. બહાર આયકર વિભાગની ટીમ ઉભી હતી. હાથમાં વોરંટ. કહ્યું - રૂટિન સર્વે છે, રેન્ડમલી સિલેક્શન થયું છે. પણ અંદર આવતાની સાથે જ આખું ઘર ઉથલાવી નાખ્યું. કબાટ, પલંગ, રસોડું - બધે તપાસ.

મજકુર સ્ત્રી પાસે જે કંઈ બચત હતી તે સામે આવી. થોડી રોકડ, થોડા ઘરેણાં. પણ અધિકારીઓને તે રકમ નાની લાગી. તેમને મોટી રકમ જોઈતી હતી. તેમને ટાર્ગેટ પૂરો કરવો હતો, પ્રેસમાં જાહેરાત કરવી હતી કે આટલા કરોડની રેડ પાડી!

રકમ કબૂલ કરાવવા માટે ભારે દબાણ શરૂ થયું. માનસિક ટોર્ચર! પેલી બિચારી મજબૂર તેણી / બાઈ શું બોલે?! જે સત્ય હતું તે કોઈ માનવા તૈયાર નહોતું!

ત્યારે રાતના અંધારામાં તેણીએ તેના પોતાના એક વિદ્વાન સી.એ. ની સલાહ લીધી. સી.એ. એ કહ્યું - "બેન, આ કળયુગમાં સત્ય ફાંસી એ ચઢે છે અને અસત્ય રાજ ગાદી એ બેસે છે. તારે પણ તેમની જ ભાષામાં વાત કરવી પડશે."!

બીજા દિવસે સવારે જ્યારે ફરી ટીમ તપાસ માટે આવી, ત્યારે તેમને બાઈના પલંગ નીચેથી એક જૂની ડાયરી મળી આવી. ડાયરી ફાટેલી હતી, પણ અંદર હિસાબ સ્પષ્ટ હતો.

ડાયરીમાં લખ્યું હતું - છેલ્લા બે વર્ષમાં ગ્રાહક બનીને આવતા લોકોના નામ અને તેમણે રોકાણ કરવા આપેલા નાણાં. બે નંબરના લાંચના નાણાં. અને એ નામો બીજા કોઈના નહીં, પણ આયકર વિભાગના મોટા અધિકારીઓના જ હતા!
અને એ જ ડાયરીમાં બીજી એક વાંધાજનક અને રહસ્યમય નોંધ મળી કે, "રૂપિયા ૫૦૦૦ કૂતરાના બિસ્કિટ ખાતે...!"

આ એક લીટી આખા કેસને ભૌતિક અને ખાતાકીય તપાસનો વિષય બનાવી દે છે!

હવે સવાલ ઉઠે છે - કૂતરો કોણ?! કૂતરાના બિસ્કિટ ખાતે ૫૦૦૦ રૂપિયા કોને અપાયા?! શું આ કોઈ કોડવર્ડ છે?! શું કૂતરા એટલે કોઈ ખબરી?! કે કોઈ અધિકારી જેને બિસ્કિટ એટલે લાંચ કહેવાય છે?! કે પછી ખરેખર કૂતરાને બિસ્કિટ ખવડાવવા માટે ૫૦૦૦ નો હિસાબ લખાયો છે?!

આ નોંધ ભૌતિક તપાસ માંગે છે - કૂતરો છે કે નહીં, બિસ્કિટ ક્યાંથી આવ્યા, બિલ ક્યાં છે?! અને ખાતાકીય તપાસ માંગે છે - આ ૫૦૦૦ રૂપિયા કઈ બુકમાંથી ગયા, કોને ગયા, અને કેમ ગયા?!

આ નોંધે અધિકારીઓના હોશ ઉડાડી દીધા!.
ભગવાન જાણે ડાયરી સાચી કે સી.એ. એ બનાવેલી ખોટી, પણ ડાયરી હવે સત્તાવાર રીતે કેસ ફાઈલનો ભાગ બની ગઈ હતી!

આખો કેસ ફસાઈ ગયો. જે અધિકારીઓ બાઈ પાસે રકમ કબૂલ કરાવવા આવ્યા હતા, તે પોતે જ હવે આરોપી બની ગયા. રેડ પાડવા આવેલી ટીમ હવે પોતાની જ ડાયરી અને પેલા ૫૦૦૦ ના બિસ્કિટની તપાસમાં વ્યસ્ત થઈ ગઈ!

અને પેલી તેણી બાઈ?! તે તો છૂટી ગઈ. કારણ કે હવે કોઈ તેની પાસે રકમ કબૂલ કરાવવા માંગતું નહોતું!

તંત્રની આ જ કરુણતા છે. જ્યારે સત્યથી ન્યાય ન મળે, ત્યારે અસત્ય જ રાજ ગાદી એ બેસે છે!
લેખકઃ સુનીલ રાજેન્દ્ર બર્મન (સંત સુરા) સુરત

પ્રકૃતિના ખોળે જ્ઞાનની અનોખી સફર

સાબરકાંઠા–અરવલ્લી જિલ્લા ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સનો ભવ્ય 'વન ભ્રમણ' કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન



જ્યારે પુસ્તકોનાં પાનાંઓમાં સમાયેલું જ્ઞાન પ્રકૃતિના ખોળામાં જીવંત બને, વૃક્ષોની છાયામાં જીવનના પાઠ શીખવા મળે અને વન્યજીવોની દુનિયા સાથે પ્રત્યક્ષ સંવાદ થાય, ત્યારે શિક્ષણ માત્ર અભ્યાસ પૂરતું સીમિત રહેતું નથી, પરંતુ જીવન ઘડતરનું અમૂલ્ય માધ્યમ બની જાય છે. આવી જ પ્રેરણાદાયી ભાવના સાથે વન્યજીવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે સાબરકાંઠા–અરવલ્લી જિલ્લા ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ સંઘ દ્વારા 'વન ભ્રમણ અને પ્રકૃતિ સાથે સંવાદ' કાર્યક્રમનું બાલસમુદ્ર, રાજેન્દ્રનગર અને આડા હાથરોલના જંગલ વિસ્તારમાં સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા સંઘના ચીફ કમિશનર શ્રી અતુલભાઈ દીક્ષિતના માર્ગદર્શન હેઠળ સ્કાઉટ-ગાઈડ ટીમ તથા વન વિભાગના નાયબ વન સંરક્ષક (ડબ્લ્યુ) શ્રી ચૌધરી સાહેબ, રેન્જ ફોરેસ્ટ અધિકારી શ્રી ભરતભાઈ દેસાઈ અને રાયગઢ વન વિભાગની સમગ્ર ટીમના સહયોગથી યોજાયેલો આ કાર્યક્રમ જ્ઞાન, જિજ્ઞાસા, પ્રકૃતિપ્રેમ અને પર્યાવરણ જાગૃતિનો અનોખો ઉત્સવ બની રહ્યો હતો.

આ કાર્યક્રમમાં આશરે ૬૦૦ જેટલાં સ્કાઉટ્સ, ગાઈડ્સ સહિત સ્કાઉટ માસ્ટર , ગાઈડ કેપ્ટન તેમજ વન વિભાગના અધિકારી-કર્મચારીઓ એ ઉત્સાહભેર સહભાગી બની કાર્યક્રમને જ્ઞાન, જિજ્ઞાસા અને પ્રકૃતિપ્રેમના અનોખા ઉત્સવમાં પરિવર્તિત કર્યો હતો. તેમાં વન વિભાગના અધિકારીઓ દ્વારા જંગલમાં જોવા મળતાં મહુડો, ટીમરુ, ધોવ ઉમ્બરી, ખાખરો, બાવળ, અર્જુન, આમળાં, બોરડી, સીતાફળ, લીમડો, વડ,પીપળો ,આંબો,અરડૂસો વગેરે વૃક્ષો, વનસ્પતિઓ માંથી ફૂલનો ખાદ્ય ઉપયોગ, બીજમાંથી તેલ,વૃક્ષ ના પાનના વિવિધ ઉપયોગો, છાલ ના ઉપયોગો તેમજ વૃક્ષો ફળો , ગુંદર, ઔષધ તેમજ ઈમારતી લાકડું આપે છે તેમજ જંગલની વિવિધ વનસ્પતિઓ જમીનનું ધોવાણ અટકાવવા, હવા શુદ્ધ રાખવા, જળચક્ર જાળવવા, કાર્બનનું શોષણ કરવા અને અસંખ્ય પક્ષીઓ, પ્રાણીઓ તથા જીવજંતુઓને આશ્રય અને ખોરાક આપવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તેવું વિસ્તારથી સમજાવ્યું હતું.

વન વિભાગ દ્વારા બાળકો સમક્ષ ૧૦ પ્રકારના સાપ અને અજગર જેવા સરીસૃપોનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. આ નિદર્શન દરમિયાન વન વિભાગના નિષ્ણાત અધિકારીઓએ સાપની વિવિધ પ્રજાતિઓ, તેમની ઓળખ, રહેઠાણ, ખોરાક, સ્વભાવ અને પર્યાવરણમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા વિશે વિગતવાર સમજણ આપી હતી. સ્કાઉટ ગાઈડ ટીમ દ્વારા અજાણ્યા માર્ગ પર જવા માટે ભૂમિ સંકેતોની સમજણ આપવામાં આવી હતી.વન ભ્રમણ કાર્યક્રમ એક શૈક્ષણિક પ્રવૃત્તિથી આગળ વધીને પ્રકૃતિ અને માનવ વચ્ચેના અતૂટ સંબંધને પુનઃસ્થાપિત કરવાનો સંકલ્પ બની રહ્યો હતો.

શેરી ગરબા સંવર્ધન સમિતિની ગોધરા ના ગરબા મંડળો સાથે વિસ્તૃત બેઠક આજરોજ મળી હતી



એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા અંતર્ગત શેરી ગરબા સંવર્ધન સમિતિ ની વ્યાપક બેઠક એટલે કે ગોધરામાં થતા તમામ શેરી ગરબા મંડળોની એક અગત્યની બેઠક અંકલેશ્વર મહાદેવ ખાતે મળી હતી, જેમાં ખૂબ મોટા પ્રમાણમાં વિવિધ મંડળોના હોદેદાર શ્રી ઓ, કાર્યકર્તા શ્રી ઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત જગદંબા ની મૂર્તિ સામે મંચસ્થ મહેમાનોદ્વરા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ સમિતિના મંત્રી ડાયાભાઈ પ્રજાપતિ મહેમાનો નો પરિચય અને આવેલા મંડળોના પ્રતિનિધિઓને આવકાર આપ્યો હતો, ત્યારબાદ શેરી ગરબા સંવર્ધન સમિતિના સંયોજક મિતેશભાઈ પટેલ એક ગોધરા શ્રેષ્ઠ ગોધરા તથા શેરી ગરબા સંવર્ધન સમિતિ કે જે ૧૭ વર્ષથી કાર્ય કરી રહી છે તેનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ સમિતિના અધ્યક્ષ આશિત ભટ્ટે સંબોધન કરતા જણાવ્યું હતું કે આપણે અહીંયા ભેગા થયા છે તે શેના માટે થયા છે ? નવરાત્રી એટલે શું ? તો નવરાત્રી એટલે શક્તિ ઉપાસના નો તહેવાર ભક્તિ ઉપાસનાનો તહેવાર, તપ કરવાનો તહેવાર, વ્રત કરવાનો તહેવાર, એટલે જ નવરાત્રી માં શેરી ગરબા સંવર્ધન સમિતિના ત્રણ સૂત્રો પણ યાદ કરાવ્યા હતા. બીજના દિવસે બાલિકા પૂજન, આઠમના દિવસે હોમ કે યજ્ઞ કરવો, અને દશેરા એ તમામ સોસાયટીમાં, તમામ મંડળોમાં, મોટા પ્રમાણમાં શસ્ત્ર પૂજન નો કાર્યક્રમ અવશ્ય કરવા માટે આહવાન કર્યું હતું. શેરી ગરબા કેમ જરૂરી તેની પર ભાર મૂકીને બે વર્ષ પહેલાં બનેલા વડોદરાના બનાવને યાદ કર્યો હતો કે દૂર દૂર થતાં વ્યવસાઈક ગરબામાં આપણી દીકરીઓ સુરક્ષિત નથી હોતી, અને વડોદરામાં જે એક યુવતી ઉપર ગેંગરેપ થયો હતો તેનો ઉલ્લેખ કર્યો હતો. જ્યારે શેરી ગરબામાં આપણી માં બેન દીકરીઓ એ સંપૂર્ણ સુરક્ષિત રહે છે. એટલે જ સમિતિ નું સૂત્ર છે મારી દીકરી મારી આંખ સામે, મારો પરિવાર મારા આંગણે, તો આવો સાથે મળી ગોધરાને ગુજરાતની અંદર ખૂબ જ સુંદર રીતે શેરી ગરબા રમતું નગર બનાવીએ. અને સમગ્ર ગુજરાતને સંદેશો પાઠવીએ કે નવરાત્રી એટલે ફેશન પરેડ નો તહેવાર નથી, નવરાત્રી એટલે મોજ શોખનો તહેવાર નથી, નવરાત્રી એટલે માતાજીને આરાધના કરવાનો તહેવાર છે

નવલાં નોરતાંની રમઝટ

ગરબામાં ફરતું જીવન અને વચ્ચે અચળ દીવો-નવરાત્રી એટલે કેન્દ્રમાં સ્થિર રહેવાની સાધના

યશપાલસિંહ ટી વાઘેલા થરા

જય માતાજી,ગઈકાલે સર્વ પિતૃ અમાસના શ્રાદ્ધ સાથે પિતૃ શ્રાદ્ધ પક્ષ પૂર્ણ થયા.ભાદરવી પૂનમે માઁ શક્તિને જે નિમંત્રણ આપવા માટે ગયા હતા તે શક્તિ નવ સ્વરૂપે આપણાં આંગણીયે પધારશે ત્યારે નવ દિવસ નવલાં નોરતાંની રમઝટ જામશે તો આજે આપણે જોઈએ આદ્યશક્તિ ની આરાધના એટલે આત્માની શુદ્ધિ ભારતીય સંસ્કૃતિ માં નવરાત્રી એ માત્ર તહેવાર નથી, પણ આત્મશુદ્ધિ ની સાધના છે.'નવ' એટલે નવું અને'રાત્રિ'એટલેઅંધકાર પર વિજય.નવરાત્રીના નવ દિવસએ અજ્ઞાન,આળસ,અહંકાર અને ભય ના અંધકારને દૂર કરીને અંદરની શક્તિને જગાડવાના દિવસો છે.

આ નવ દિવસ દરમિયાન આદ્ય શક્તિ મા દુર્ગાના નવ અલગ-અલગ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે, જેનું આધ્યાત્મિક અને ધાર્મિક દ્રષ્ટિએ ખૂબ મોટું મહત્વ છે. આ નવ સ્વરૂપો માત્ર બહારની દેવીઓ નથી, આપણી અંદર રહેલી નવ ચેતનાઓ છે.

ઘટસ્થાપનઃ શરીરરૂપી ઘટમાં શક્તિનું સ્થાપન -શુભ મુહૂર્ત ૨૦૨૬ નવરાત્રીનો પ્રારંભ ઘટસ્થાપનથી થાય છે. ઘટ એટલે કળશ, એટલે આપણું શરીર.★શારદીય નવરાત્રી ૨૦૨૬ઃઆજે આસો સુદ એકમ રવિવાર, ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ પ્રતિપદા તિથિ ૧૦ ઓક્ટો. રાત્રે ૯.૧૯થી શરૂ થઈને ૧૧ ઓક્ટો રાત્રે ૯.૩૦ સુધી રહેશે, તેથી પહેલું નોરતું અને ઘટસ્થાપન ૧૧ ઓક્ટોબરે છે.★શુભ મુહૂર્ત ૨૦૨૬ઃ

-મુખ્ય ઘટસ્થાપન મુહૂર્તઃસવારે ૬.૧૯ થી ૧૦.૧૨ સુધી

-અભિજીત મુહૂર્ત (બીજો વિકલ્પ):બપોરે ૧૧.૪૪ થી ૧૨.૩૧ સુધી-અમદાવાદ માટે અંદાજિત મુહૂર્તઃસવારે ૬.૩૮ થી ૧૦.૫૫ સુધી-ઘટસ્થાપન વિધિઃ-માટીની પરાઈમાં પવિત્ર માટી પાથરી જવ (જવારા) વાવો.-તાંબાના કળશમાં ગંગાજળ, સોપારી, દ્રવ્ય મૂકી, ઉપર આંબાના પાન અને નાળિયેર મૂકી લાલ ચૂંદડી ઓઢાડો.

અખંડ દીવો પ્રગટાવી સંકલ્પ લો કે નવ દિવસ ઉપવાસ, ઉપાસના અને પવિત્રતા જાળવીશ.

આ ઘડો એ બ્રહ્માંડનું પ્રતીક છે અને જવારા એ સૃષ્ટિની ઉત્પત્તિનું.નવ દિવસ-નવ સ્વરૂપોનું આધ્યાત્મિક રહસ્ય

★પ્રથમ દિવસઃમા શૈલપુત્રી - સ્થિરતાનો આધારઃ પર્વતરાજ હિમાલયની પુત્રી.સાધનાની શરૂઆત સ્થિરતાથી થાય છે. મન ચંચળ હશે તો સાધના નહીં થાય.

★બીજો દિવસઃમા બ્રહ્મચારિણી - તપ અને સંયમઃતપસ્યા અને સાધનાનું સ્વરૂપ.આજના ભોગવાદી યુગમાં મનને સંયમમાં લાવવું એ જ મોટું તપ છે. તેઓ જ્ઞાન અને તપ આપે છે.

★ત્રીજો દિવસઃમા ચંદ્રઘંટા-શાંતિમાં બહાદુરીઃ મસ્તક પર ચંદ્ર જેવો ઘંટ. ઘંટનાદ દુષ્ટો માટે ભય અને ભક્તો માટે શાંતિ છે.સાચી બહાદુરી શોર માં નથી, શાંતિમાં છે.

★ચોથો દિવસઃ મા કૂષ્માંડા - સૃષ્ટિની સર્જકઃ પોતાના ઉદરમાં બ્રહ્માંડને ધારણ કરનારી. તેઓ રોગ અને દુઃખ દૂર કરે છે. આ દિવસ આરોગ્ય અને નવા સર્જનનો છે.

★પાંચમો દિવસઃ મા સ્કંદમાતા - વાત્સલ્ય અને મોક્ષ કાર્તિકેય (સ્કંદ) ની માતા. માતાનું નિર્મળ વાત્સલ્ય સુખ અને અંતે મોક્ષ અપાવે છે.

★છઠ્ઠો દિવસઃ મા કાત્યાયની - ધર્મની રક્ષક મહર્ષિ કાત્યાયનના આશ્રમે પ્રગટ થયા. આ સ્વરૂપે મહિષાસુરનો વધ કર્યો. આપણી અંદરના કામ, ક્રોધ, લોભ રૂપી શત્રુનો નાશ કરે છે.

★સાતમો દિવસઃ મા કાલરાત્રિ - ભયનો નાશઃદુષ્ટનો નાશ કરનાર ઉગ્ર સ્વરૂપ. દેખાવ ભયાનક પણ ભક્તોના ભય અને નકારાત્મકતાને દૂર કરે છે. જ્યાં ભય છે ત્યાં ભક્તિ નથી.

★આઠમો દિવસઃ મા મહાગૌરી - પવિત્રતાઅતિ પવિત્ર અને શાંત સ્વરૂપ. કાલરાત્રિ એટલે અંધકાર પછી આવતો પ્રકાશ એટલે મહાગૌરી. તેઓ જીવનમાં સુખ અને શાંતિ લાવે છે.

★નવમો દિવસઃ મા સિદ્ધિદાત્રી - પૂર્ણતાઃતમામ સિદ્ધિઓ આપનારી. આ સિદ્ધિ ભૌતિક ચમત્કાર નથી, પણ પોતાની અંદર રહેલી શક્તિને ઓળખવાની સિદ્ધિ છે.

નવરાત્રીનું વિશેષ મહત્વઃ ઉપવાસ અને ગરબો.આ નવ દિવસોમાં શક્તિની ઉપાસનાથી મન અને શરીર શુદ્ધ થાય છે.★ઉપવાસ-= ઉપ + વાસ એટલે ભગવાનની નજીક વાસ કરવો. માત્ર પેટ ખાલી નહીં, મનને વિકારોથી ખાલી કરવું.

★ગરબા=ગરબામાં ગર્ભદીપ પ્રગટે છે. માટીના ગરબામાં દીવો એટલે શરીરમાં રહેલા આત્માનું પ્રતીક. ગરબા ફરતી વખતે આપણે બ્રહ્માંડની પરિક્રમા કરીએ છીએ અને કેન્દ્રમાં દેવી શક્તિ અચળ રહે છે. આ યાદ અપાવે છે કે જીવન ભલે ગોળ ગોળ ફરે, કેન્દ્રમાં રહેલી શક્તિ સ્થિર છે.

વિસર્જન અને વિજયાદશમી - અંદરનો દીવો અખંડ રાખવાનો દિવસ

નવ દિવસની સાધના પછી દસમો દિવસ પૂર્ણતાનો છે.

વિજયાદશમી / દશેરા અને દુર્ગા વિસર્જનઃ મંગળવાર, ૨૦ ઓક્ટોબર ૨૦૨૬

આ વર્ષે અષ્ટમી અને નવમી બંને ૧૯ ઓક્ટોબરે છે, અને ૨૦ ઓક્ટોબરે વિજયાદશમી મનાશે.

★શુભ મુહૂર્ત ૨૦૨૬-દુર્ગા વિસર્જન મુહૂર્તઃબપોરે ૧.૧૪ થી ૩.૩૦ સુધી વિજય મુહૂર્ત (શમી પૂજન અને શસ્ત્ર પૂજા) બપોરે ૧.૫૯ થી ૨.૪૫ સુધી વિસર્જન એટલે માતાનેવિદાય નહીં.તે એ વાતનું પ્રતીક છે કે ઘટમાં સ્થાપિત કરેલી શક્તિ હવે આપણા કણ કણમાં ફેલાઈ ગઈ છે માટીનો ગરબો વિસર્જિત થાય,પણ અંદરનો ગર્ભદીપ અખંડ રહે છે.

નવરાત્રી પછી જ સાચી નવરાત્રી શરૂ થાય છે.નવરાત્રીનું સાચું મહત્વ નવ દિવસ પૂરા થયા પછી સમજાય છે. જો તમે સ્થિરતા,તપ,શાંતિ, આરોગ્ય,પ્રેમ,સાહસ,નિર્ભયતા, પવિત્રતા અને સિદ્ધિના પાઠ શીખ્યા હોવ, તો દસમો દિવસએ વિજયા દશમી છે,અંદરના રાવણ પર વિજયનો દિવસ.તેથી નવરાત્રીને માત્ર ઉત્સવ ન ગણો,અંદરની યાત્રા ગણો.માઁ શક્તિના સૌ ઉપાસકોને નવલાં નોરતાંની શુભકામના.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ થરા તા ઓગડ જિ બનાસકાંઠા



રાજકોટ નાગરિક સહકારી બેંકની ગાંધીનગર શાખા ખાતે ૭૪મા સ્થાપના દિવસ નિમિત્તે ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. ના ૭૪મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે સામાજિક ઉત્તરદાયિત્વના વહન સાથે ગાંધીનગર શાખાના સ્વભવન ખાતે એક ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બેંકિંગ અને ગ્રાહક સેવાઓની સાથે સામાજિક કાર્ય તથા જનસેવાને અગ્રતા આપવાની બેંકની પરંપરાને આ કેમ્પ થકી પુનઃ ઉજાગર કરવામાં આવી હતી.

?દીપ પ્રાગટ્ય અને શુભારંભઃ

કાર્યક્રમનો પ્રારંભ ગાયત્રી મંત્રના પવિત્ર ઉચ્ચારણ અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય વિધિ શ્રી નારાયણભાઈ પટેલ, શ્રી રમેશભાઈ પ્રજાપતિ, શાખા વિકાસ સમિતિના સભ્યશ્રીઓ તથા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેનશ્રી અને પ્રતિનિધિઓના વરદ હસ્તે સંપન્ન થઈ હતી.

?મહાનુભાવોની ઉપસ્થિતિ અને શુભેચ્છા મુલાકાતઃ

આ પ્રસંગે પ્રભારી ડિરેક્ટરશ્રી હરેશભાઈ ઠક્કર, શાખા વિકાસ સમિતિ વતી સહ-કન્વીનર શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ માંડલિયા, શ્રી દીપકભાઈ પ્રજાપતિ, શ્રી તુલસીભાઈ સાપરીયા, શ્રી રસિકભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ ચુડાસમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાખા મેનેજર શ્રીમતી રિધ્ધીબેન શાહે ઉપસ્થિત સર્વે મહેમાનો અને રક્તદાતાઓનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

?ગાંધીનગરની વિવિધ સંસ્થાઓ, સંગઠનો અને સામાજિક ક્ષેત્રના મહાનુભાવો જેવાં કે ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના શ્રી હસમુકભાઈ જોશી, શ્રી નારણભાઈ પ્રજાપતિ, શ્રી પરેશભાઈ પટેલ, શ્રી મયંકભાઈ પાંડે અને શ્રી કેતન પંચોલીએ કેમ્પની શુભેચ્છા મુલાકાત લઈ બેંકના ૭૪મા સ્થાપના દિન નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી અને આ ભગીરથ કાર્ય બદલ ગાંધીનગર ટીમને ધન્યવાદ આપ્યા હતા.

?સફળ આયોજન અને રક્ત એકત્રીકરણઃ



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી (ગાંધીનગર)ના સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં જિલ્લા રેડક્રોસના મહામંત્રી શ્રી કિરીટભાઈ પટેલ, ચેરમેન શ્રી જીલુભા ધાંધલ, શ્રી અશોકભાઈ રીંડાણી, શ્રી ભુપેન્દ્રભાઈ ગજ્જર, શ્રી નેસતભાઈ દવે, શ્રી મગનભાઈ ડાભી, શ્રી ચંદુ કિશોર અને શ્રી નૈનેશ પ્રજાપતિ સહિતની ટીમે સક્રિય સાથ-સહકાર આપ્યો હતો.આયોજન વ્યવસ્થામાં ટીમ ગાંધીનગરના સ્ટાફ મિત્રો શ્રી કેતનભાઈ કાપડિયા, સેજલબેન તિવારી, નીતાબેન, ઊર્મિબેન મેવાડા, વિધિ પટેલ, રિતિકાબેન મોકરીયા, વિજય મકવાણા, રાજેશભાઈ પાલા અને કરણભાઈ વાગેલાએ ઉત્સાહપૂર્વક સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સરળ, રસાત્મક અને સફળ સંચાલન શ્રી નિશીથ ધોળકિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં રક્તદાતાઓના ઉત્સાહભેર સહયોગથી ૨૧ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

?આભાર દર્શનઃ

કાર્યક્રમના અંતે પ્રભારી ડિરેક્ટરશ્રી હરેશભાઈ ઠક્કર તથા શાખા વિકાસ સમિતિના સભ્યશ્રીઓના હસ્તે સહયોગી સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગરની ટીમને આભાર પત્ર એનાયત કરી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા. બેંક દ્વારા આગામી દિવસોમાં પણ આવી સામાજિક અને માનવસેવાની પ્રવૃત્તિઓ નિરંતર ચાલુ રાખવાની કટિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat